CS/4

સાયબર સુરક્ષા કવચ ઉભુ કરવા બાબત

# ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: ATS/10/2013/90/SB -V

ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

**તા. ૩/૦૩/૨૦૧૪**

**વંચાણે લીધા :** ૧) તા. ૬/૨/૨૦૧૩ની આઈટી બેઠકની કાર્યવાહી નોંધ-

૨) વિજ્ઞાન અને પ્રૌધ્યોગીકી વિભાગની ફાઈલ ક્રમાંક:SDC/10/2013/414933/IT

૩) ગૃહ વિભાગની ફાઈલ ક્રમાંક ATS/10/2013/90/SB-V

**આમુખ:**

દેશમાં દિવસે દિવસે કોમ્પ્યુટર આધારિત સેવાઓનો વ્યાપ વધી રહયો છે જેમાં બેન્કીંગ, મોટાભાગની આવશ્યક સેવાઓ જેવી કે વીજળી, રેલવે, હવાઇ, ટ્રાન્સપોર્ટ, અગત્યનું ઉત્પાદન કરતી ફેકટરીઓ(જેમાં પેટ્રો રીફાઇનરીનો પણ સમાવેશ થાય છે) બેન્કીંગ, વીમા વગેરે તમામ સ્તરે કોમ્પ્યુટરાઇઝેશન વધી રહ્યું છે, આ કોમ્પ્યુટરાઇઝેશનના કારણે દેશના નાગરિકોને અનેક જાતની ઓન લાઇન ટ્રાન્ઝેકશન સહિત સુવિધાઓ મળે છે.

૨. સમગ્ર દેશમાં ગુજરાત ઔધોગિકરણના ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે અને આથી રાજયની સમૃધ્ધિ પણ વધી છે.

૩. આજના કોમ્પ્યુટર યુગમાં સ્થળ મહત્વનું નથી, બહારના રાજયો કે વિદેશમાંથી કોઇપણ વ્યકિત મોબાઈલ, લેપટોપ, આઈપેડ/ટબલેટ અથવા પી.સી. નો ઉપયોગ કરીને સાયબર એટેક કરી સાયબર ક્રાઈમ કરી શકે છે. બેન્કીંગ ક્ષેત્રે ઓન લાઇન ટ્રાન્ઝેકશન માં છેતરપીંડી, ક્રેડીટ કાર્ડ ફ્રોડ,મોબાઇલ પર અશ્લીલ MMS/SMS, ઈ-મેઇલ એકાઉન્ટ હેકીંગ વગેરે જાતના સાયબર ક્રાઈમના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતા જાય છે. આમ સાયબર ક્રાઈમ/સાયબર ટેરીરીઝમ એક વૈશ્વીક પડકાર છે.

૪. આ ઉપરાંત, સાયબર ક્રાઇમ ના ગુનાઓને કોર્ટમાં સાબિત કરી શકાય તે માટે પુરાવા નાશ ન પામે તે રીતે તપાસ કરાવી(ડીટિકશન) નામદાર કોર્ટમાં આવા ગુનાઓ પુરવાર કરી શકાય અને ગુનેગારોને આઇ.ટી. એકટ અને અન્ય આનુષંગિક કાયદાઓ પ્રમાણે કાયદાની ચૂંગાલમાં લાવીને સખત શિક્ષા કરી શકાય તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવવું અત્યંત જરૂરી છે.

૫. સામાન્ય રીતે પ્રજાજનો વ્યકિતગત રીતે અથવા સંસ્થાકીય રીતે સાયબર ક્રાઇમનો ભોગ થઇ રહ્યા છે તેની તેઓને જાણ જ હોતી નથી અને જયારે જાણ થાય છે ત્યારે ઘણું મોડું થઇ ગયુ હોય છે.

૬. હાલમાં દેશમાં કોઇપણ રાજયમાં આ પ્રકારના સાયબર એટેક અટકાવવા માટે અને શોધવા માટે કોઇ કેન્દ્રસ્થ વ્યવસ્થાતંત્ર નથી. ઉપરાંત આવા ગુનાઓ બનતા અટકાવવા માટે લોક જાગૃતિ પણ અતિ આવશ્યક છે જેમાં ઘણું ઓછું કામ થયેલ છે. જો કે વ્યકિતગત અથવા સંસ્થાકીય રીતે સૂચનાઓ આપવામાં આવે છે, પરંતુ આ સૂચનાનું પાલન સર્વસામાન્ય રીતે થતું નથી. ઉપરાંત આવી સૂચનાઓ

મહદ્ અંશે ટેકનિકલ અને અંગ્રેજીમાં પ્રસિધ્ધ કરવામાં આવતી હોવાના કારણે મોટાભાગે ગ્રાહકો આવી સૂચનાઓનું પાલન કરતા નથી.

૭. આથી વિકસીત દેશોમાં જે રીતે સાયબર સુરક્ષાતંત્ર ગોઠવવામાં આવે છે તે રીતે ગુજરાત રાજયમાં સાયબર એટેક સામે સલામતી આપી, સાયબર ક્રાઈમના કેસો બાબતે અગમચેતી અને ઘટના ઘટે ત્યારે તેની પરિણામલક્ષી વ્યવસ્થિત તપાસ થાય અને સાયબરા ક્રાઈમ પ્રત્યે લોકજાગૃતિ કેળવી રક્ષણાત્મક પગલા સુચવતું કેન્દ્રસ્થ વ્યવસ્થાતંત્ર ગોઠવવાની બાબત સરકારશ્રીના સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

૧) આથી સરકારશ્રીની સક્રીય વિચારણાને અંતે આ બાબતે વિજ્ઞાન અને પ્રૌધ્યોગીકી વિભાગની ફાઈલ ક્રમાંક:SDC/10/2013/414933/ITમાં સાયબર સીક્યોરીટીને લગતુ સેલ ઉભુ કરવા તા. ૨૪/૧૦/૨૦૧૩ના રોજ મંજુરી મળેલ છે.જે અનુસાર ગૃહ વિભાગ ખાતે સાયબર ક્રાઈમ, પ્રીવેન્શન, ડીટેક્શન અને કંટ્રોલને લગતી બાબતો માટે સેલ ઉભો કરવાનો રહે છે.

૨) તા. ૬/૨/૨૦૧૩ની ગૃહ વિભાગની આઈટી કમિટીની કાર્યવાહી નોંધ અને સમાનાંકી ફાઈલપર નાણા વિભાગ દ્વારા તા ૨/૫/૨૦૧૩ની મંજુરી મુજબ રાજયમાં સાયબર સુરક્ષા કવચ ઉભુ કરવા નિર્ણય લેવામાં આવે છે.

૩) સાયબર સુરક્ષા કવચ ગૃહ વિભાગના તાબા હેઠળ IB/ATS નીચે પોલીસ મહાનિરીક્ષક ના વડપણ નીચે કામ કરશે.

૪) સાયબર સુરક્ષા કવચ GNFC ટાવર, એસજી.રોડ અમદાવાદ ખાતે કાર્યરત થશે.

૫) GIPLઆ પ્રોજેક્ટના વ્યવસ્થાપક/કન્સલટન્ટ તરીકે કામગીરી કરશે.

૬) સાયબર સુરક્ષા કવચના માળખામાં નીચે જણાવેલ બે ટીમો કાર્યરતરહેશે.

૧)ઈન્વેસ્ટીગેશન ટીમ તથા (ICT )

૨) ટેકનોલોજી ટીમ. (CSK)

૭) CSK અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ને અહેવાલ કરશે.

૮) ઈન્વેસ્ટીગેશન ટીમ નું ગઠન (ICT)માં પોલીસ ખાતાના આ ક્ષેત્રના અનુભવી અધિકારી/કર્મચારીઓ અને FSL ના નિષ્ણાંતોથી કરવામાં આવશે. આ ઉપરાંત દરેક જિલ્લા/શહેર કક્ષાએ આવેલ સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના ત્રણ-ત્રણ સભ્યો પણ ઉક્ત બંન્ને ટીમના માર્ગદર્શન નીચે ૨૪ X ૭ કામગીરી કરશે. પણ સમાવેશ કરવાનો રહેશે . FSL સાથે ઘનિષ્ઠ રીતે સંકલન કરી તેમના આંતરીક સ્ત્રોતો અને સક્ષમતાનો ઉપયોગ કરવાનો રહેશે.

| Investigation Wing | | |
|---|---|---|
| Digital Intelligence | 10 | 40 |
| Digital Crime Investigation | 20 | |
| Forensic Experts | 10 | |

૯) જ્યારે ટેકનોલોજી ટીમ (CSK) નું ગઠન જી.આઇ.પીએલ. દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાયબર ક્રાઇમના તજજ્ઞો અને સરકારશ્રીના પ્રતિનિધિઓની બનેલી સમિતિ દ્વારા પસંદગી કરી આ ક્ષેત્રના નિષ્ણાંતો અને તજજ્ઞોની સેવાઓ આઉટ સોર્સીંગ કરીને મેળવવાની રહેશે. જેનું બંધારણ નીચે મુજબ રહેશે.

| Technology Wing | | |
|---|---|---|
| Master Programmer | 10 | 20 |
| Master Strategists | 02 | |
| Security Experts | 02 | |
| Cyber Law Experts | 01 | |
| Digital Infrastructure Management | 02 | |
| Administrative Staff | 01 | |
| Communication & International Relations | 01 | |
| Trainers | 01 | |

૧૦) શ્રી નીરજ ગેમાવત, ચેરમેન,ગેટ વે ટેકનો લેબ્સ નાઓ આ સેવાઓ કોઈપણ જાતની ફી, પગાર કે ભથ્થા કે નાણાકીય કોઈપણ જાતનું વળતર લીધા વગર માનદ રીતે આપશે અને આ સમગ્ર કાર્યવાહીનું મોનીટરીંગ અને અમલીકરણ કરશે. આથી તેઓને ગૃહ વિભાગના એડવાઈઝર ઓન સાયબર સીક્યુરીટી તરીકે પાંચ વર્ષ માટે નિમવામાં આવે છે. અને તેઓ પોલીસ મહાનિરીક્ષકશ્રી સાથે સંકલનમાં કામ કરશે.

૧૧) GIPLની આ પ્રોજેક્ટમાં વ્યવસ્થાપક/કન્સલટન્ટ તરીકે નિમણુંક કરવામાં આવેલી હોઇ લાયન્સસીંગથી માંડીને હાર્ડવેર/સોફ્ટવેર/ સાધનોની ખરીદી રાજ્ય સરકારના પ્રવર્તમાન ધોરણો મુજબ બજેટની જોગવાઈ ધ્યાને લઈને કરવાની રહેશે.

૧૨)ઈન્વેસ્ટીગેશન ટીમ નું ગઠન (ICT) અધિકારી/કર્મચારીઓની નિમણુક આંતરિક વ્યવસ્થાથી કરવાની રહેશે. આવી રીતે નિયુક્ત થયેલ તજજ્ઞોને સ્પેશીયલ પોલીસ ઓફીસર તરીકે ગણાશે.

૧૩)તજજ્ઞો/નિષ્ણાંતોની સેવાઓ આઉટસોર્સથી લેવા માટે સરકારશ્રીની પ્રવર્તમાન ગાઈડલાઈન્સ અનુસરવાની રહેશે. આવી રીતે નિયુક્ત થયેલ વ્યક્તિઓને વિજ્ઞાન અને પ્રૌદ્યોગીકી વિભાગના પરામર્શમાં તેમનું મહેનતાણુ નક્કી કરવામાં આવશે. આ રીતે નિયુક્ત થયેલ નિષ્ણાંતો એ પાંચ વર્ષ સુધી સેવાઓ આપવાની રહેશે અને પોલીસ અધિકારીઓને યોગ્ય તાલિમ આપી હેન્ડ હોલ્ડીંગ કરી સક્ષમ બનાવવાના રહેશે. પાંચ વર્ષ બાદ આ રીતે તાલીમ પામેલ પોલીસ અધિકારીઓ CSKનું સંચાલન કરશે.

C-5/7

૧૪) આવર્તક/અનાવર્તક ખર્ચ નાણાકીય જોગવાઈ ધ્યાને લઈ મંજુરી મેળવીને કરવાનો રહેશે.

૧૫)વર્ષ ૨૦૧૩-૧૪ના નાણાકીય વર્ષમાં આ અંગે ₹ ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જે પૈકી આંતરમાળખાકીય સુવિધા અને લાયસન્સ સોફ્ટવેર માટે ₹ ૧૫ કરોડ અને ઈન્ફર્મેશન, કોમ્યુનિકેશન ટેકનોલોજી યુનિટા ઉભુ કરી કાર્યરત કરવા માટે ₹ ૧૦ કરોડની ફાળવણી ઉપરોક્ત શરતોને આધીન કરવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ મંજુર થયેલ જોગવાઈ માંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | માંગણી ક્રમાંક | ૪૩ |
| ૨ | મુખ્ય સદર | ૨૦૫૫-પોલીસ |
| ૩ | પેટા મુખ્ય સદર | - |
| ૪ | ગૌણ સદર | ૧૦૯-અન્ય ખર્ચ |
| ૫ | પેટા સદર | (૦૧) MEP – 6ડીસ્ટ્રીક્ટ પોલીસ પ્રોપર |
| ૬ | ખર્ચનો પ્રકાર | આયોજન/મતપાત્ર |
| ૭ | હેડ ચાર્જેબલ | ૨૦૫૫ ૦૦ ૧૦૯ ૦૧ |
| ૮ | પ્લાન યોજનાનો છ ડીજીટ પ્લાન કોડ | **114505** |

આ હુકમો સમાનાંકી ફાઇલ ઉપર સચિવશ્રી(વિ.અને પ્રૌ.) દ્વારા તા. ૨૨/૧૦/૨૦૧૩, નાણા વિભાગ દ્વારા તા. ૨/૫/૨૦૧૩ તથા અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) દ્વારા વખતો વખત મળેલી મંજૂરીને ધ્યાને લઇને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(નિખિલ ભટ્ટ)**
નાયબ સચિવ અને સી.આઇ.ઓ.
ગૃહ વિભાગ.

નકલ રવાના:-

- મહામહિમ રાજ્યપાલના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય સચિવશ્રી, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, તમામ મંત્રીશ્રીઓ.
- અગ્ર સચિવશ્રી, વિરોધ પક્ષના નેતા, ગુજરાત વિધાન સભા.
- ચેરમેન કમ મેનેજીંગ ડાયરેક્ટર, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(એટીએસ) અમદાવાદ.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકિ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (કા. અને વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(મહેકમ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(આઇ.ટી.),વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- ઉપસચિવશ્રી(કા. અને વ્ય. ) ગૃહ વિભાગ, ગાંધીનગર.

C.5/9 13/૮

- ઉપસચિવશ્રી(મહેકમ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, અમદાવાદ / ગાંધીનગર.
- ગૃહ વિભાગની ક, આર તથા વિશેષ શાખા
- સિલેક્ટ ફાઇલ